પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૨૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૮-૦૧-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પ્રજાસત્તાક દિવસે ભારતની શક્તિ વિશ્વ નિહાળશે, આકાશમાં રાફેલ અને જગુઆર ગર્જના કરશે

નવીદિલ્હી

ભારતમાં ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિને યોજાતી પરેડને માત્ર દેશની અંદર જ પસંદ કરવામાં આવે છે અવું નથી પરંતુ સમગ્ર વિશ્વમાં તેની ચર્ચા થાય છે આ વર્ષે ૨૬ જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ અગાઉના દિવસ કરતા વધુ ખાસ બનવાનો છે ૨૬ જાન્યુઆરીએ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ૭૫ ફાઈટર એરક્રાફટ આકાશમાં ઉડશે રાજપથ ખાતે યોજાનારી આ અત્યાર સુધીની સૌથી ભવ્ય ફલાયપાસ્ટ હશે



પ્રજાસત્તાક દિને પાંચ રાફેલ ફાઈટર એકક્રાફટ પોતાના કરતબ દેખાડવાની સાથોસાથ પોતાની શક્તિનું પણ પ્રદર્શન કરશે ફલાયપાસ્ટમાં પ્રથમ વખત નોકાદળના એમઆઈજી૨૯કે અને પી૮૧ ફાઈટર એરક્રાફટ પણ ભાગ લઈ રહ્યાં છે વિંગ કમાન્ડર ઈન્દ્રનીલ નદીએ જણાવ્યું હતું કે ભારતીય વાયુસેના આર્મી અને નેવીના એરક્રાફટ સહિત કુલ ૭૫ ફાઈટર એરક્રાફટ સાથેની ભવ્ય ફલાયપાસ્ટ હશે ૧૭ જગુઆર એરક્રાફટ અમૃત મહોત્સવના ૭૫માં વર્ષના આકારમાં આકાશમાં દેખાશે

પરેડની સાથે ધ્વજ કોર્મેશનના ચાર એમઆઈ ૧૭વીપ હેલિકોપ્ટર,રૂદ્ર ફોર્મેશનના ચાર એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર જોવા મળશે.પરેડ પછી ફલાઈટ પાસ્ટ દરમિયાન રાહત ફોર્મેશનની પાંચ એએલએચ એરો ફોર્મેશન ઉડાણ ભરશે બીજી રચના મેધના રહેશે જે ૭૧ના યુધ્ધની યાદમાં ૧ ચિનુક અને ૪ એમઆઈ ૧૭માં ઉડાણ ભરશે ત્રીજી રચના એકલવ્યની રહેશે જેમાં ૧એમઆઈ ૩૫ હેલિકોર્ટર અને ચાર અપાચે હેલિકોપ્ટર ઉડશે ચોથી રચના તાંગેલ રહેશે જે ૭૧ના યુધ્ધમાં તાંગેલ એલ ડ્રેપની યાદમાં રાખવામાં આવી છે જેમાં એક ડાકોટા વિન્ટેજ ટ્રાન્સપોર્ટ એરક્રાફટ અને બે ડોર્નિયર એરક્રાફટ વિંગ ફોર્મેશનમાં ઉડાણ ભરશેપાંચમી રચના તરણ હશે જેમાં ત્રીજી સી ૧૩૦ વિગ ફોર્મેશન છઠ્ઠી ફોર્મેશન નેત્રા છે જેમાં એક એકડબ્લ્યુએએકસ એરક્રાફટ સાથે બે સુખોઈ અને બે મિગ ૨૯ એરો ફોર્મશનમાં ઉડશે સાતમુ ફોર્મેશન વિનાશનું છે જેમાં પાંચ રાફેલ ફાઈટર વિમાન એરો ફોર્મેશનમાં ઉડાણ ભરશે આઠમુ ફોરક્મેશન બાઝ છે જેમાં એક રાફેલ બે મિગ ૨૯ જગુઆર બે સુખોઈ ઉડશે તો નવુ ફોર્મેશન ત્રિશુલ રહેશે જેમાં ત્રણ સુખોઈ ઉડતા ત્રિશૂળનો આકાર બનાવશે દસમુ ફોર્મેશન વરૂણનું રાખવામાં આવ્યું છે જેમાં નેવીનું લોગ રેન્જ પેટ્રોલ એરક્રાફટ પીઆઠઆઈ અને નેવીનું મિગ ૨૯ કે સાથે ઉડાણ ભપશે

અગિયારમાં ફોર્મેશન ત્રિરંગા માટે પાંચ એએલએચ બારમાં ફોર્મેશન વિજય માટે રાફેલ ઉડાવવામાં આવશે જે રાષ્ટ્રપતિ સમક્ષ યોજાશે તેરમુ ફોર્મેશન અમૃતના ભાગરૂપે ૧૭ જગુઆર ૭૫ અંકના આકારમાં એક સાથે ઉડશે પ્રજાસત્તાક દિવસની પરેડમાં વાયુસેનાની માર્ચિંગ ટુકડીમાં ચાર અધિકારીઓ અને ૯૬ એરમેન ભાગ લેશે એરફોર્સ બેન્ડમાં કુલ ૭૨ સંગીતકારો અને ત્રણ ડ્રમર્સ ભાગ લઈ રહ્યાં છે.

સંરક્ષણ સંસ્થાનના સુત્રોએ જણાવ્યું હતું કે દિલ્હીમાં કોરોના વાયરસની સ્થિતિને ધ્યાનમાં રાખી આ વર્ષે માત્ર ૨૪ હજાર લોકોને પરેડમાં ભાગ લેવાની મંજુરી આપવામાં આવી છે તેમણે કહ્યું કે અગાઉ ૨૦૨૦માં લગભગ ૧.૨૫ લાખ લોકોને ઉપસ્થિત રહેવાની મંજુરી આપવામાં આવી હતી એટલે કે ભારતમાં કોરોના વાયરસ રોગચાળો શરૂ થયો હતો તે પહેલા આ વખતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી હવે ૨૪ જાન્યુઆરીને બદલે ૨૩ જાન્યુઆરીથી શરૂ થઈ રહી છે કારણ કે આ દિવસે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મ જયંતિ ઉજવવામાં આવે છે.

આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડમાં એક ખાસ ગેલેરી પણ આકર્ષણનું કેન્દ્ર બનશે સંસ્કૃતિક મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલયના સહયોગથી નેશનલ મ્યુઝિયમ ઓફ મોર્ડન આર્ટ દ્વારા ભુવનેશ્વર અને ચંડીગઢમાં કલાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દેશના વિવિધ કલાકારોએ ભાગ લીધો હતો જે અંતર્ગત દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનાર ગાયબ નાયકોની તસવીરો તૈયાર કરવામાં આવી છે જેમાં તેમના શૌર્ય અને સંઘર્ષની ગાથાઓ દર્શાવવામાં આવી છે.

## ચીનનું સૌથી મોટું ઝુઠાણું! આંકડાની તુલનામાં ૧૭૦૦૦% વધુ લોકોના કોરોનાથી થયા મોત

બીજીંગ,

કોરોના ફરી એકવાર સમગ્ર વિશ્વમાં પોતાનો પગ પેસારો કરી રહ્યો છે. એવામાં જ્યાંથી તેની શરૂઆત થઈ હતી, ત્યાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. આપણે ચીનની વાત કરી રહ્યા છીએ. એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીનમાં કોવિડનો વાસ્તવિક આંકડો લગભગ ૧.૭ મિલિયન છે. જોકે ચીનના અધિકારીઓ દ્વારા એવું કહેવામાં આવી રહ્યું છે કે ૪,૬૩૬ કોરોના કેસ છે. ચીનમાં વિશ્વનું સૌથી કડક લોકડાઉન હોવા છતાં કોરોનાના કેસ વધી રહ્યા છે.

ધ સનમાં પ્રકાશિત એક સમાચાર અનુસાર, સ્ટીવન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના ડેટા નિષ્ણાત જ્યોર્જ કેલહૌને આરોપ લગાવ્યો છે કે ચીનના શાસને પોતાની રાજકીય છબી જાળવી રાખવા માટે વિશ્વને ઓછા મૃત્યુની વાત કહી છે. તેણે દાવો કર્યો છે કે ચીનમાં કોરોનાવાયરસથી મૃત્યુઆંક ખરેખર આઘાતજનક કવર-અપ તુલનામાં ૧૭,૦૦૦ ટકા વધારે હોઈ શકે છે. આ સિવાય ધ ઈકોનોમિસ્ટ દ્વારા વિકસિત મોડલ દ્વારા જનરેટ કરવામાં આવેલા ડેટાનો અભ્યાસ કરનાર એક નિષ્ણાતે પણ દાવો કર્યો હતો કે ચીનના સત્તાવાર આંકડા આંકડાકીય રીતે ખોટા છે.

કેલહોને જણાવ્યું કે 'એપ્રિલ ૨૦૨૦ થી, જ્યારે મોટાભાગના મૃત્યુ વુહાનમાં થયા છે, ત્યારે બેઈજિંગમાં અધિકારીઓ દ્વારા સત્તાવાર રીતે ફકત બે મૃત્યુ નોંધવામાં આવ્યા છે. વિશ્વમાં સૌથી ઓછા કોવિડ મૃત્યુ ચીનમાં જોવા મળ્યા છે. આ અસંભવ છે. તે તબીબી અને આંકડાકીય રીતે અસંભવ છે.

તેમણે કહ્યું કે 'યાદ રાખો, ૨૦૨૦માં કોરોનાની કોઈ રસી નહોતી, કોઈ સારવાર નહોતી. ત્યારબાદ પણ ચીને કોવિડથી શૂન્ય મૃત્યુ દર્શાવ્યા. ભલે ત્યાં હજારો અને લાખો કેસ હોય. જોન્સ હોપકિન્સ કોરોનાવાયરસ રિસોર્સ સેન્ટરના ડેટા અનુસાર, તે સમયે ચીનમાં કોવિડના ૨૨,૦૦૦ થી વધુ કેસ નોંધાયા હતા.

પરંતુ ધ ઈકોનોમિસ્ટના મોડલ પર આધારિત કેલહોને દાવો કર્યો છે કે ચીનનો સત્તાવાર મૃત્યુ દર લગભગ ૧૭,૦૦૦ ટકા ઓછો છે. આ પહેલીવાર નથી જ્યારે ચીન પર મૃત્યુની સૂચના ન આપવાનો આરોપ લગાવવામાં આવ્યો હોય. અગાઉ, કમ્યુનિસ્ટ પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવેલા એક ચીની પ્રોફેસરે પણ રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને દેશના કોરોનાવાયરસ આંકડાઓ પર શંકા વ્યક્ત કરી હતી.

તમને જણાવી દઈએ કે ચીનમાં કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને લોકોના દેશની બહાર જવા પર પ્રતિબંધ સાથે ઝીરો ટોલરન્સની નીતિ લાગુ છે. તેમછતાં પણ ત્યાં કોરોનાના કેસ વધી રહ્યા છે. આ પોલિસી હેઠળ, કોરોનાની પુષ્ટિ થયા પછી લોકોને બંધ રૂમમાં આઈસોલેટ કરવામાં આવી રહ્યા છે.

## ૧૨થી ૧૪ વર્ષના બાળકો માટે રસીકરણ અભિયાન માર્ચથી શરુ થશે

નવીદિલ્હી,

-ભારતમાં રસીકરણ અભિયાનની શરુઆતને એક વર્ષ પુરુ થઈ ચુક્યું છે. અત્યાર સુધીમાં દુનિયામાં સૌથી વધારે રસી ૧ અબર ૫૬ કરોડ ડોઝ અપાઈ ચૂક્યા છે. આ વર્ષે ૩ જાન્યુઆરીથી ૧૫થી ૧૮ વર્ષના બાળકોના રસીકરણની શરુઆત થઈ હતી. હવે માર્ચથી ૧૨થી ૧૫ વર્ષના બાળકો માટે રસીકરણ અભિયાન શરુ થશે. આ જાણકારી કોરોના પર બનેલા નેશનલ ટેક્નિકલ એડવાયજરી ગ્રુપ ઓન ઈમ્યુનાઈઝેશનના ચેરમેન ડો. એન કે અરોડાએ આપી છે. અરોડાએ કહ્યું છે કે ફેબ્રુઆરીના અંત અથવા માર્તની શરુઆતથી ૧૨થી ૧૫ વર્ષના બાળકો આપવામાં આવશે.

બાળકો માટે ૩ જાન્યુઆરીથી શરુ થયેલા રસીકરણ અભિયાન અંતર્ગત ૧૫થી ૧૮ વર્ષના ૩.૩૧ કરોડ બાળકોને અત્યાર સુધી રસીનો પહેલો ડોઝ અપાઈ ચૂક્યો છે. આંકડા મુજબ ૧૩ દિવસમાં આ ઉંમરના ૪૫ ટકા બાળકો કવર થઈ ચૂક્યા છે. ડો. અરોડાએ કહ્યું કે ૧૫થી ૧૭ ની ઉંમરના દેશમાં ૭.૪ કરોડ બાળકો છે. અમારો હેતુ આ તમામને જાન્યુઆરીના અંત સુધીમાં રસીનો પહેલો ડોઝ ઉપલબ્ધ કરાવવાનો છે. આ બાદ અમે બીજા ડોઝ માટે ફેબ્રુઆરીમાં અભિયાન ચલાવશું. ફેબ્રુઆરીના અંત સુધીમાં બીજા ડોઝનું લક્ષ્ય પુરુ કરીશુ. એટલા માટે અમે ઈચ્છીએ છીએ કે ૧૨થી ૧૪ વર્ષની વચ્ચેના બાળકોને ફેબ્રુઆરીના અંત અથવા માર્ચના પહેલા અઠવાડિયામાં રસી આપવી શરુ થઈ જશે.ડો. એન કે અરોડાએ કહ્યું કે ૧૨થી ૧૭ વર્ષના બાળકો માટે ઘણી હદ સુધી એડલ્ટ જેવા હોય છે. એટલા માટે કોરોનાની સામે સુરક્ષા પ્રદાન કરવી બહું જરુરી છે. આ ઉંમરના બાળકો ઘણા ગતિશીલ હોય છે અને તેમને આમતેમ વધારે કરવું પડે છે. તેમને સ્કૂલ, કોલેજ, મિત્રોથી મળવા જવાનું હોય છે. એટવા માટે તેમને સંક્રમણનો ખતરો વધારે છે. ઓમિક્રોન આવ્યા બાદ જોખમ વધી ગયું છે. એટલા માટે સરકાર આ બાળકોને પ્રાથમિક્તામાં લઈ રહી છે અને તેમને જલ્દીથી જલ્દી રસી કવરેજ હેઠળ લાવવા માંગે છે. ઈન્ડિયન એકેડમી ઓફ પેડએટ્રિક્સના પૂર્વ અધ્યક્ષ ડો. પ્રમોદ જોગે જણાવ્યું કે સરકારે કોઈ બિમારીથી પીડિત ૫થી ૧૪ વર્ષના બાળકોના રસીકરણના દાયરામાં લવવા જોઈએ.

## પંજાબ વિધાનસભા ચુંટણી ટળી,હવે ૨૦ ફેબ્રુઆરીએ મતદાન થશે

નવીદિલ્હી,

ચુંટણી પંચે પંજાબ વિધાનસભા ચુંટણી સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે પહેલા આ મતદાન ૧૪ ફેબ્રુઆરીએ થવાનું હતું પરંતુ હવે ૨૦ ફેબ્રુઆરીએ થશે.આ પહેલા લગભગ તમામ પાર્ટીઓએ ચુંટણી પંચને પંજાબની તમામ ૧૧૭ વિધાનસભા બેઠકો પર એક તબક્કામાં ૧૪ ફેબ્રુઆરીએ યોજાનાર મતદાનને કેટલાક દિવસો માટે સ્થગિત કરવા માટે કહ્યું હતું પાર્ટીનું કહેવુ હતું કે રાજયમાં દલિત સમુદાયના ખુબ લોકો સંત રવિદાસની જયંતિ પર વારાણસી જશે.રવિદાસ જયંતી ૧૬ ફેબ્રુઆરીએ છે.કોંગ્રેસ ઉપરાંત ભાજપે પણ ચુંટણી પંચથી મતદાન સ્થગિત કરવાની વિનંતી કરી હતી જેના પર ચુંટણી પંચે આજે નિર્ણય કર્યો છે હવે પંજાબ વિધાનસભાની ચુંટણી ૨૦ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં થશે

પંચે કહ્યું કે પંચે રાજય સરકાર,રાજનીતિક પક્ષો અને અન્ય સંગઠનોથી અનેક અરજી પ્રાપ્ત થઈ છે. જેમાં શ્રી ગુરૂ રવિદાસજી જયંતિ સમારોહમાં ભાગ લેવા માટે પંજાબથી વારાણસીમાં મોટી સંખ્યામાં ભકતોની અવરજવરના સંબંધમાં ધ્યાન આકર્ષિત કરવામાં આવ્યું છે.જે ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ મનાવવામાં આવશે.પાર્ટીઓએ એ પણ કહ્યું કે ઉત્સવના દિવસથી લગભગ એક અઠવાડીયા પહેલા મોટી સંખ્યામાં ભક્તો વારાણસી માટે જવાનું શરૂ કરી દે છે અને મતદાનના દિવસ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ રાખવાથી મોટી સંખ્યામાં મતદારો મતદાનથી વંચિત રહી જશે તેને જોતા તેને ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૨ના કેટલાક દિવસો બાદ મતદાનની તારીખને સ્થાનાંતરિત કરવાની વિનંતી કરી હતી પંચે આ સંબંધમાં રાજય સરકાર અને મુખ્ય ચુંટણી અધિકારી પંજાબથી પણ ઈનપુટ લીધું આ અરજીઓ રાજય સરકાર અને મુખ્ય ચુંટણી અધિકારીઓના ઈનપુટ પર વિચાર કર્યા બાદ હવે પંચે પંજાબની વિધાનસભા ચુંટણી સામાન્ય ચુંટણીઓને સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે.

હવે પંચે નિર્ણય કર્યો છે કે પંજાબ વિધાનસભા ચુંટણી ૨૦ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં થશે પંચે આજે મહત્વપૂર્ણ બેઠક કરી આ અંગેનો નિર્ણય કર્યો છે. ભાજપના સીઈસીને લખેલ પત્રમાં કહેવામાં આવ્યું હતું કે પંજાબમાં ગુરૂ રવિદાસજીને માનનારા દલિત સમાજના ખુબ લોકો રહે છે રાજયમં અનુસૂચિત જાતિની વસ્તી ૩૨ ટકા છે વારાણસીમાં ગુરૂ પર્વને માનાવવા માટે લાખોની સંખ્યામાં સમાજના લોકો જશે આવામાં તેમના માટે મતદાન પ્રક્રિયાનો હિસ્સો બનાવે તે સંભવ રહેશે નહીં આવામાં મતદાનને સ્થગિત કરવી જોઈએ જેથી સમુદાયના લોકો મતદાનથી વંચિત ન રહે આ પહેલા કોંગ્રેસ બસપાએ ચુંટણી પંચને મતદાન ટાળવાની વિનંતી કરી હતી જેના પર પંચે નિર્ણય કર્યો છે.

ચુંટણી પંચે જાહેર કરેલ નવો ચુંટણી કાર્યક્રમ આ પ્રમાણે છે.જાહેરનામુ બહાર પાડવાની તારીખ ૨૫ જાન્યુઆરી ૨૦૨૨ઉમેદવારીપત્રક ભરવાની તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૨ૉઉમેદવારીપત્રકોની ચકાસણી ૨ ફેબ્રુઆરી ૨૦૨૨ઉમેદવારીપત્રકો પાછા ખેંચવાની તારીખ ૪ ફેબ્રુઆરી ૨૦૨૨મતદાનની તારીખ ૨૦ ફેબ્રુઆરીમત ગણતરીની તારીખ ૧૦ માર્ચ ૨૦૨૨

## કોરોનાનાં ૨૧ મહિનામાં દેશમાં લાખો બાળકો અનાથ થયા,ગુજરાત ત્રીજા ક્રમે

નવીદિલ્હી,

દુનિયાભરમાં કોરોનાનાં કારણે લોકોનું જીવન ચક્ર પૂરી રીતે ફેરવાઈ ગયુ છે. અંદાજે ૨ વર્ષ પહેલા લોકોનું જીવન જેવુ હતુ તેવુ આજે બિલકૂલ પણ નથી. ચીનમાંથી ઉદ્ભવેલી આ મહામારીએ ભારતમાં પણ મોટી તબાહી મચાવી છે. એક માહિતી મુજબ દેશમાં કોરોનાનાં કારણે લાખો બાળકો અનાથ થઈ ગયા છે.


દેશમાં હવે ધીમે ધીમે કોરોનાનાં કેસમાં વૃદ્ધિ આવી રહી છે. થોડા દિવસો પહેલા જે કેસ હજારોમાં આવી રહ્યા હતા તે હવે લાખોમાં આવી રહ્યા છે. આવી જ સ્થિતિ કોરોનાની બીજી લહેરમાં પણ જોવા મળી હતી. જે સમયમાં દેશનાં કરોડો લોકોનું પરિવાર પ્રભાવિત થયુ હતુ. રાષ્ટ્રીય બાળ અધિકારી સંરક્ષણ આયોગની માહિતી અનુસાર, કોરોનાનાં ૨૧ મહિનામાં ભારતમાં અંદાજે ૧.૪૭ લાખ બાળકો અનાથ થઈ ગયા છે. જેમા સૌથી વધુ ઓડિસામાં ૨૪ હજાર કરતા વધુ બાળકો અનાથ થયા છે. આ બાળકોનાં માથે હવે તેમના માતા-પિતાનો હાથ રહ્યો નથી. આ માહિતી આયોગે સુપ્રીમકોર્ટમાં આપી છે.

આ મામલે ગુજરાતની વાત કરીએ તો તેનો ત્રીજો ક્રમ આવે છે. એક આંકડા મુજબ ગુજરાતમાં ૧૪ હજાર કરતા વધુ બાળકો અનાથ થઈ ગયા છે. કોરોનાની બીજી લહેરમાં સૌથી વધુ લોકો પ્રભાવિત થયા હતા અને હવે ત્રીજી લહેરની શરૂઆત થઈ હોય તેવા આંકડાઓ રોજ સામે આવી રહ્યા છે. ડબ્લ્યુએચઓનાં જણાવ્યા અનુસાર, આ મહામારીથી બચવા માટે સાવચેતી સૌથી મોટુ પગલુ રહેશે. જે લોકોએ હજુ સુધી વેક્સિન લીધી નથી તેઓ જલ્દી જ વેક્સિન લઈ લે અને ત્યારબાદ પણ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈનનું યોગ્ય રીતે પાલન કરે તો આ મહામારીને હરાવી શકાય છે

## આગામી વિધાનસભા ચુંટણીની અસર રાષ્ટ્રપતિ ચુંટણીથી લઈ રાજયસભા ચુંટણી સુધી જોવા મળશે

નવીદિલ્હી,

૧૦ માર્ચે ઉત્તરપ્રદેશ પંજાબ ઉત્તરાખંડ ગોવા અને મણિપુરની ચુંટણી પરિણામ આવતા જ ૨૦૨૪ના મહાસંગ્રામ માટે અટકળોનું બજાર ગરમ થઈ જશે આ સ્વાભાવિક પણ છે કારણ કે ઉત્તરપ્રદેશની ચુંટણી હંમેશાથી સામાન્ય ચુંટણીની સેમીફાઈનલની જેમ જ જોવામાં આવે છે સતત બીજીવાર કેન્દ્રમાં બહુમતિની મોદી સરકાર બની તો તેનું એક માત્ર કારણ ઉત્તરપ્રદેશનો જનમત જ છે.આ વખતે યોજાનાર પાંચ રાજયોની ચુંટણીનું મહત્વ વધુ મહત્વપૂર્ણ બની જશે.એક તરફ જયાં પાંચ રાજયોની ચુંટણીમાં ભાજપની સામે વર્ચસ્વ બચાવી રાખવાનો પડકાર રહેશે તો બીજી તરફ પંજાબના સહારે કોંગ્રેસની સમક્ષ ઉકત પોતાનું રાજનીતિક અસ્તિત્વ બચાવવાનું સંકટ છે



ગત કેટલાક મહીનાથી કેન્દ્રની રાજનીતિમાં ભાજપ વિરોધી એક મોટુ જુથ ઉભુ કરવાની પુરી મહેનતકશ થઈ રહ્યું છે.પશ્ચિમ બંગાળની જીત બાદ ટીએમસીએ એક તરીતે ખુદને કોંગ્રેસની સરખામણીએ વિરોધી પક્ષનું નેતૃત્વ કરવાની જાહેરાત કરી ચુકી છે કોંગ્રેસ અને ટીએમસીની ખેંચતાણ હાલમાં સંસદમાં પણ જોવી મળી હતી. ગોલામાં તેની જાહેરાત ત્યારે થઈ જયારે કોંગ્રેસના નેતાઓને જ તોડી ટીએમસીએ પોતાના મહગત્વાકાંક્ષાને સાધવાની ઈચ્છા વ્યકત કરી દીધી જયારે એનસીપીના નેતા શરગ પવારે ફરીથી તે કર્યુ જેના માટે તે જાણિતા છે.મધ્યસ્થના રૂપમાં તે નેતા જ બને છે તેમણે ફરીથી ચુંટણી રાજયોમાં કોંગ્રેસની સાથે વિપક્ષી દળોના ગઠબંધનના પ્રસ્તાવ બજારમાં ઉછાળી દીધો છે. સંકટ કોંગ્રેસ માટે છે કે તે વિરોધ પક્ષોની એકતામાં કુઠારાધાતની દોષી છે.

## નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ચુકની તપાસ કરી રહેલ ન્યાયમૂર્તિને ધમકી મળી

નવીદિલ્હી,

પંજાબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં થયેલ ચુકના મામલાની તપાસ કરી રહેલ પેનલની અધ્યક્ષતા કરી રહેલ પૂર્વ ન્યાયમૂર્તિ ઈંદુ મલ્હોત્રાને ધમકી મળવાના અહેવાલો છે.સુત્રોના જણાવ્યા અનુસાર ઈંદુ મલ્હોત્રાને ધમકી ભરેલ કોલ આવ્યો હતો કોલ કરનાર વ્યક્તિ કે તે કયાં સમૂહથી જોડાયેલ છે તેની ઓળખ થઈ શકી નથી પરંતુ આઘટના એક મોટી કાવતરા તરફ ઈશારો કરે છે ન્યાયમૂર્તિ મલ્હોત્રાને સુપ્રીમ કોર્ટે ગત અઠવાડીયે જ પીએમની સુરક્ષા ચુકની તપાસ કરનાર પેનલના અધ્યક્ષ નિયુકત કર્યા હતાં આ પહેલા વડાપ્રધાન મોદીની સુરક્ષામાં ચુકનો મામલો સુપ્રીમ કોર્ટમાં દાખલ કરનારા વકીલોને પણ ધમકી મળી હતી આ ધમકીઓની પાછળ વિદેશમાં સક્રિય ખાલિસ્તાની સંગઠન શિખ ફોર જસ્ટિસનો હાથ બતાવવામાં આવ્યો હતો





રિપોર્ટ અનુસાર ન્યાયમૂર્તિ મલ્હોત્રાને આ ધમકી શિખ ફોર જસ્ટિસ નામના સંગઠન તરફથી આપવામાં આવી છે આ સંગઠને ધમકી ભરેલ ઓડિયો કિલપ જારી કરી છે.ધમકીમાં કહેવામાં આવ્યું છે કે તેમણે વડાપ્રધાન મોદી અને શિખોમાંથી કોઈ એકને પસંદ કરવા પડશે આ પહેલા આ કેસથી જોડાયેલ સુપ્રીમ કોર્ટના અનેક વકીલોને ધમકી ભરેલ કોલ આવ્યા હતાં વકીલોને પણ વડાપ્રધાન મોદીની સુરક્ષાની ચુકના મામલાથી દુર રહેવા કહેવામાં આવ્યું હતું.એ યાદ રહે કે ૧૨ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પંજાબ યાત્રા દરમિયાન સુરક્ષામાં થયેલ ચુકની તપાસ માટે કમિટિની જાહેરાત કરી હતી આ પાંચ સભ્યોની કમિટી પૂર્વ ન્યાયમૂર્તિ ઈંદુ મલ્હોત્રાની અધ્યક્ષતામાં રચના કરી હતી.

## મુલાયમે એવો દાવ ખેલ્યો કે ભાજપના નેતાઓ ભોંઠા પડયા

લખનૌ,

ઉત્તરપ્રદેશમાં મુલાયમસિંહ યાદવની પુત્રવધુ અપર્ણા યાદવ ભાજપમાં જોડાશે તેવી જાહેરાત કરીને ભાજપના નેતા ભોંઠા પડી ગયા છે.ભાજપના સુત્રોએ દાવો કર્યો હતો કે અર્પણાએ ભાજપ નેતાગીરીનો વચન આપેલુ કે રવિવારે પોતે ભાજપ મુખ્યાલયે આવીને ભાજપમાં જોડાશે કેન્દ્રીય મંત્રી અનુરાગ સિંહ ઠાકુર અને પ્રદેશ પ્રમુખ સ્વતંત્ર દેવ સિંહની હાજરીમાં અપર્ણા અને ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી અરૂણ અસીમ જોડાશે તેવી જાહેરાત પણ કરી હતી પરંતુ અપર્ણા દેખાયા જ નહીં અપર્ણાનો સંપર્ક કરવાના પ્રયત્નો પણ સફળ ના થતા છેવટે અરૂણને પક્ષમાં પ્રવેશ આપીને ભાજપ નેતાગીરીએ સંતોષ માનવો પડયો.



સપાના સુત્રોએ જણાવ્યું હતુ કે મુલાયમસિંહ યાદવે અપર્ણા અને તેના પતિ પ્રતિક યાદવનો ખખડાવતા અપર્ણા પાણીમાં બેસી ગયા મુલાયમે યાદ અપાવ્યું કે અખિલેશે ૨૦૧૭માં પોતાના કહેલાથી અપર્ણાને ટિકિટ આપી જ હતી પરંતુ અપર્ણા જીતી ના શકી તેમાં અખિલેશનો વાંક નથી મુલાયમના ફરમાનથી જ શિવપાલ યાદવે પછી નિવેદન આપ્યું કે અપર્ણાએ પહેલા પક્ષ માટે કામ કરવું જોઈએ અને પછી કોઈ પણ પ્રકારની આશા રાખવી જોઈએ

## દેશમાં ૨.૫૦ લાખથી વધુ કોરોનાનાં કેસ જોવા મળ્યા

દેશમાં કોરોનાનાં કેસમાં થોડો ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાનાં ૨,૫૮,૦૮૯ કેસ નોંધાયા છે. ગઈકાલની સરખામણીમાં દૈનિક કેસોમાં ૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. ગઈકાલે દેશમાં કોરોનાનાં ૨,૭૧,૨૦૨ કેસ નોંધાયા હતા. આ સાથે, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ઓમિક્રોન કેસની કુલ સંખ્યા વધીને ૮,૨૦૯ થઈ ગઈ છે. ગઈકાલની સરખામણીમાં ઓમિક્રોનનાં કેસોમાં ૬.૦૨ ટકાનો વધારો થયો છે. કોરોનાનાં કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૩૮૫ મોત પણ નોંધાયા છે. જો કે દેશમાં સક્રિય કેસોની સંખ્યા સતત વધી રહી છે. દેશમાં સક્રિય કેસ વધીને ૧૬,૫૬,૩૪૧ થઈ ગયા છે, જ્યારે એક દિવસ પહેલા દેશમાં માત્ર ૧૫,૫૦,૩૭૭ એક્ટિવ કેસ હતા. દેશમાં એક્ટિવ કેસ હાલમાં કુલ કેસનાં ૪.૪૩ ટકા છે, જ્યારે છેલ્લા કેટલાક દિવસોથી રિકવરી રેટ સતત ઘટી રહ્યો છે, હાલમાં તે ઘટીને ૯૪.૨૭ ટકા પર આવી ગયો છે.

## કચ્છમાં ૨૧-૨૨ જાન્યુઆરીએ વરસાદ પડે તેવી સંભાવના

ભુજ,

એક અઠવાડીયાથી રાજય ઠંડુગાર રહ્યાં બાદ આવતીકાલથી ઠંડીમાં ઘટાડો થશે અને ઠંડીમાં રાહત મળશે જો કે ૨૧ અને ૨૨ જાન્યુઆરીએ કચ્છમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.એ યાદ રહે કે છેલ્લા અઠવાડીયાથી રાજયમાં બર્ફીલો માહોલ સર્જાયો હોય તેવી કડકડતી ઠંડી પડી રહી હતી જેના કારણે આ વર્ષે લોકોને શિયાળાની ખરેખર અનુભૂતિ થઈ હતી જે ઠંડીના કારણે રાજયવાસી ઠુઠવાયા હતાં ત્યારે હવે આ ઠંડીમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે કેમ કે ઠંડીના પારામાં વધારો થતાં ઠંડીનું જોર ઘટયુ છે.જો કે હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૨૧ અને ૨૨ જાન્યુઆરીએ કચ્છ તરફ વરસાદી માહોલ રહેશે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા વરસાદી માહોલ રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લા આદિજાતિ વિકાસ મંડળનીબેઠકવિડીયો કોન્સરન્સના માધ્યમથીપ્રભારી મંત્રી અર્જુનસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાઇ



લુણાવાડા, સરસ્વતી હોલ ગાંધીનગર ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણવિભાગના મંત્રી અને જિલ્લા પ્રભારીમંત્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં તેમજ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો રાજ્ય મંત્રી અને સંતરામપુર ધારાસભ્ય ડો. કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોરની વર્ચુઅલી ઉપસ્થિતિમાં ગુજરાત પેટર્ન યોજના વર્ષ-૨૦૨૧-૨૨ ના આયોજન અંગે મહીસાગર જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક કોવિડ-૧૯ ની પરીસ્થિતિને ધ્યાને લઇ સામાજીક અંતર જાળવી વર્ચ્યુઅલી યોજવામાં આવી હતી. મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી વીસી હોલ લુણાવાડા ખાતે આ બેઠકમાં લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક તથાજિલ્લા કલેક્ટર ડો. મનીષકુમાર, પ્રાયોજના વહીવટદાર પાટીદાર સહિત અધિકારીઓની ઉપસ્થિતિમાં તેમજ જિલ્લા પંચાયત વીસી હોલ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, જિલ્લા - તાલુકાના પદાધિકારીઓ-અધિકારીઓ અને સંતરામપુર મામલતદાર કચેરી ખાતે કડાણા અને સંતરામપુરના અધિકારીઓ પદાધિકારીઓએ ચર્ચા વિચારણામાં ભાગ લઇ ગુજરાત પેટર્ન યોજના ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષના કામોને બહાલી આપી હતી.

આ બેઠકમાં ગુજરાત પેટર્ન યોજના વર્ષ-૨૦૨૧-૨૦૨૨ ના વર્ષનું કુલ રૂપિયા ૧૬૨૬લાખની જોગવાઈ સામે ૧૭૭૦ લાખનું આયોજન ૧૦૮.૮૬ ટકા કામોને બહાલી આપવામાં આવી ત્યારે મંત્રી ચૌહાણે જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૦-૨૦૨૧ ના વર્ષના બાકી કામો સત્વરે પૂર્ણ થાય તે માટે જે તે વિભાગ દ્વારા સત્વરે ઘટતી પ્રક્રિયા હાથ ધરવા તેમજ આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટના કામો સમય મર્યાદામાં પુર્ણ કરવા અમલીકરણ અધિકારીઓને સુચના આપી હતી. મીટીંગની શરૂઆતમાં જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમારે શાબ્દિક સ્વાગત અને અંતમાં આભાર દર્શન કર્યું હતું.

# સંતરામપુર ગુવાલિયા ગ્રામ પંચાયતમાં વિજેતા ઉમેદવારે ખોટા દસ્તાવેજો રજુ કર્યાનો મામલો કોર્ટમાં

લુણાવાડા, સંતરામપુર તાલુકાના ખાંટ ગામે રહેતા અરજદાર નિશાબેન દિલીપકુમાર દ્વારા સંતરામપુરની કોર્ટ ખાતે કૃણાલકુમાર કોહ્યાભાઈ પાદરીયા વિરુદ્ધ ખોટા દસ્તાવેજો રજુ કરીને અને ૨૦૧૦માં ઓ.બી.સી.નો, ૨૦૧૪માં એસ.ટી.નો દાખલો મેળવ્યો હોવાનો આક્ષેપ કરીને ગુવાલિયા પંચાયતની ચુંટણી પ્રક્રિયામાં સક્ષમ ચુંટણી અધિકારી સામે કોર્ટમાં પિટીશન દાખલ કરાતા પંથકમાં ચર્ચાએ જોર પકડ્યુ છે.

અરજદારે જણાવ્યુ હતુ કે, ગુવાલિયા ગ્રૃપ ગ્રામ પંચાયતની સરપંચની ચુંટણીમાં ઉમેદવાર કૃણાલકુમાર કોહ્યાભાઈ પાદરીયા દ્વારા ખોટી રીતે ચુંટણીનુ ફોર્મ ભરી ખોટી રીતે ચુંટણી જીતી ચુંટણી આચારસંહિતાનુ ઉલ્લંઘન કરેલ છે અને સક્ષમ અધિકારી દ્વારા પણ તેની ચકાસણી પર યોગ્ય રીતે કરેલ નથી જે જીતેલ પરિણામ રદ્દ કરી સામે પક્ષના ઉમેદવારને વિજેતા જાહેર કરવા તેમજ ખોટા પુરાવાઓ મુકી ચુંટણી આચારસંહિતા ભંગ બદલ વિજેતા ઉમેદવારના દસ્તાવેજો ચકાસણી માટે કોર્ટમાં અરજી કરી પરિણામ રદ્દ કરવા અનુરોધ કરેલ છે. જે બાબતના પુરાવા તેમજ વિવિધ અન્ય દસ્તાવેજોની ચકાસણી પણ કરવા માટે અરજી કરેલ છે. ઉલ્લેખનિય છે કે, વર્ષ-૨૦૨૧ની વસ્તી ગણતરી મુજબ ગ્રામ પંચાયતના સરપંચની બેઠક માટે વારાફરતી ફાળવણીની રીત મુજબ સરપંચની બેઠકના પ્રકારની ફાળવણી અંગેનુ પત્રક તૈયાર કરવામાં આવેલ હતુ. જે પત્રકમુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ નક્કી કરવામાં આવ્યા હતા. ગુજરાત પંચાયત એક્ટ કલમ-૯ની જોગવાઈ અનુસાર રાજ્ય સરકારે ગ્રામ પંચાયતના અનુસુચિત જાતિઓ અને અનુસુચિત આદિજાતીઓ માટે બેઠકો માટે અનામત રાખવામાં અંગેની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ વસ્તી ઓબીસી રાખવા અંગેનીછ જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ વસ્તી ઓબીસી હોવાના કારણે રાજ્ય સરકાર દ્વારા ઓબીસી સરપંચ પદ માટે અનામત રાખવાની જોગવાઈ કરેલ છે.

# દાહોદ રૂલર પોલીસ મથકે ગૌરક્ષકોના હોબાળા અને એ.એસ.પી. દ્વારા ગાળો બોલવાના મામતલે પોલીસ તપાસનો ધમધમાટ શરૂ

દાહોદ

દાહોદ શહેરમાં ગૌરક્ષકોની ટીમ ગતરોજ દાહોદ રૂરલ પોલીસ મથકે પહોંચી જઈ ભારે હોબાળો મચાવ્યો હતો. જેમાં ગૌરક્ષકો પાસેથી જાણવા મળ્યાં અનુસાર, કતલખાને લઈ જવાના પશુઓને બચાવવા જતાં જ્યાં કસાઈઓ દ્વારા ગૌ માતા અને ભેંસોની હેરાફેરી કરતાં હતા. ત્યાર બાદ આ મામલે કસાઈઓ દ્વારા પોલીસ મથકે તેઓએ અરજી આપ્યાં બાદ દાહોદ એ.એસ.પી. દ્વારા બેફામ ગાળો અને માર મારતાં ગૌરક્ષકોની ટીમ દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે પહોંચી જઈ એ.એસ.પી. વિરૂદધ ભારે સુત્રોચ્ચારો પોકાર્યાં હતા. ત્યારે બીજી તરફ ટેમ્પાના ચાલકના જણાવ્યાં અનુસાર, પોતે કોઈ ગાય કે અન્ય પશુઓની કતલ માટે હેરાફેરી કરતાં ન હતાં, છતાંય ગૌરક્ષકો દ્વારા તેઓને રોકી બેફામ ગાળો બોલી પથ્થર મારતાં પોતાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. સમગ્ર મામલે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.સમગ્ર મામલે જાણવા મળ્યાં અનુસાર, કૃષ્ણકાંત ટાંક જેઓ પ્રદેશ મંત્રી ગૌરક્ષક દળ દ્વારા જણાવ્યાં અનુસાર, તારીખ ૧૫.૦૧.૨૦૨૨ના રોજ તેઓને માહિતી મળી હતી કે, એક પીકઅપ ગાડીમાં ગૌ માતા અને અન્ય પશુઓ લઈ ગાડી પસાર થઈ હોવાથી ગૌરક્ષકોની ટીમ સ્થળ પર પહોંચી હતી અને આ મામલે સ્થાનીક પોલીસને જાણ પણ કરી હતી. ત્યારે સ્થળ પર ગૌરક્ષકો પહોંચ્યાં બાદ પીકઅપ ગાડીના ચાલક દ્વારા પથ્થર મારો કર્યો હતો અને ત્યાંથી પસાર થઈ ગયાં હતાં. આ બાદ સામાપક્ષેથી પોલીસમાં અરજી આપવામાં આવી હતી અને જેમને તે સબબ પોલીસ મથકે બોલાવવામાં આવ્યાં હતા, જ્યારે એ.એસ.પી. ગુજ્જર દ્વારા પોતાને તથા તેમની સાથેના બીજા બે ગૌરક્ષકોને બેફામ ગાળો બોલી, પટ્ટાથી માર માર્યો હતો. જેનો વિરોધ કરી ગતરોજ મોડી રાત્રી સુધી મોટી સંખ્યામાં દાહોદના ગૌરક્ષકો દાહોદ રૂરલ પોલીસ મથકે પહોંચી ગયાં હતાં અને જ્યાં એ.એસ.પી. વિરૂદધના નારા લગાવ્યાં હતાં.

જ્યારે સમાપક્ષેથી ગાડીના ચાલકના જણાવ્યાં અનુસાર, પોતે ઝાલોદથી એક દુધવાળી ભેંસ અને એક પાડો એમ બંન્ને પશુઓ લઈ દાહોદ શહેરમાંથી હાઈવે પર નસીરપુર દરગાહ પરથી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે ગૌરક્ષકો ત્યાં આવ્યાં હતાં અને ગાડી ઉભી રખાવી બેફામ ગાળો બેલી પથ્થર મારતાં પોતાને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. અમારો એક નંબરનો ધંધો છે અને પોતે કોઈ ખોટુ કામ કરતાં નથી જેથી ગૌરક્ષકો સામે કાયદેસરની કાર્યવાહી થાય તેવી માંગણી કરી હતી. ઉપરોક્ત સમગ્ર મામલે પોલીસે તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કરી આગળની કારયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહિસાગર જીલ્લામાં આજરોજ ૨૦ કોરોના પોઝીટીવ કેસ

લુણાવાડા, મહિસાગર જીલ્લામાં આજરોજ ૨૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જ્યારે ૨૦ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં એકટીવ દર્દીઓની સંખ્યા ૧૪૧ નોંધાઈ છે. જીલ્લામાં વધતા જતાં કોરોના સંક્રમણને લઈ આરોગ્ય વિભાગ સર્તક બનીને મોનીટરીંગ કરી રહ્યું છે.મહિસાગર જીલ્લામાં કોરોનાની ત્રીજી લહેરમાં સંક્રમણ વધારે જોવા મળી રહયું છે. જીલ્લામાં આજરોજ ૨૦ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણના કેસને જોતાં જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લોકોને કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવા ઉપર ભાર મુકયો છે. જીલ્લામાં આજરોજ ૨૦ દર્દીઓએ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં ત્રીજી લહેરમાં કોરોના દર્દીના મૃત્યુનો બનાવ નહિ આવતાં આરોગ્ય વિભાગે રાહત અનુભવી છે. આરોગ્ય વિભાગ દ્વારા લોકોને સંભવિત કોરોના લક્ષણો દેખાઈ તો ટેસ્ટીંગ કરાવી લેવા માટે અપીલ કરી છે.

# દાહોદ જિલ્લાના પશુપાલકોને કિસાન ક્રેડિટ કાર્ડ યોજના અંતર્ગત આવરી લેવાશે

દાહોદ,

દાહોદ જિલ્લાના પશુપાલકોને કિસાન ક્રેડિટ કાર્ડ યોજના અંતર્ગત આવરી લેવાશે. આ માટે આગામી તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૨ સુધી સઘન અભિયાન ચલાવાશે. આ અભિયાન હેઠળ તમામ લાયકાત ધરાવતા પશુપાલકોના પશુઓના રોજિંદા નિભાવ ખર્ચને પહોંચી વળવા માટે બેન્ક પશુદીઠ ધિરાણ આપશે. જેનો વ્યાજદર ખેતીવાડી કિસાન ક્રેડિટ કાર્ડ મુજબનો રહેશે.

પશુપાલક જો ખેડૂત હોય તો ખેતીવાડી -કેસીસી ઉપરાંત પશુપાલન માટે પણ ધિરાણ મળશે. કિસાન ક્રેડિટ કાર્ડ મેળવવા માટે અરજીપત્રક સાથે સ્વપ્રમાણિત બેન્ક પાસબુકની નકલ, બચત ખાતાની નકલ, આધાર કાર્ડ, રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડની સ્વપ્રમાણિત નકલ, જમીન ધરાવતા હોય તો ૭-૧૨ કે ૮-૧૨ ની હાલની નકલ, બે પાસપોર્ટ સાઈઝના ફોટા આપવાના રહેશે. અરજી કરવા માટે નજીકના પશુ સારવાર કેન્દ્રનો સંપર્ક કરવાનો રહેશે.

રજીસ્ટર્ડ દુધ મંડળી સાથે સંકળાયેલા ન હોય તો બિન સભાસદ પશુપાલકો તથા ઘેટા બકરા પાલન, મરઘી પાલન કરતા પશુપાલકોને પણ ધિરાણ મળવાપાત્ર થશે. જિલ્લા પશુપાલન અધિકારી ડો. કમલેશ ગોસાઇએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

# દાહોદના મંડાવાવ ગામે યુવતિ સાથે પ્રેમ સંબંધને લઈ અપહરણ કરી ઝેરી ટયુબ પિવડાવી મારી નાખવાની કોશીષમાં બે ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના મંડાવાવ ગામનો ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં યુવતી સાથેના પ્રેમ સંબંધને લઈ એક યુવકને બે જેટલા ઈસમોએ અપહરણ કરી લઈ જઈ યુવકને જંગલ વિસ્તાર તરફ લઈ ગયાં બાદ ઝેરી ટ્યુબ યુવકને પીવડાવતાં મારી નાંખવાની કોશિષ કરતાં અને યુવકની હાલત ખરાબ થઈ હતી અને યુવકે આ મામલે બંન્ને ઈસમો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.ગત તા.૧૫મી જાન્યુઆરીના રોજ દાહોદ તાલુકાના ધામરડા ગામે રાહડુંગરી ફળિયામાં રહેતાં ઉદેસિંગભાઈ નરસિંગભાઈ હઠીલા અને મુકેશભાઈ વરસીંગભાઈ હઠીલાએ ધામરડા ગામે રાહડુંગરી ફળિયામાં રહેતાં એક ૨૨ વર્ષીય યુવક વિકાસભાઈ બાબુભાઈ ભાભોરને કહેલ કે, તું સિધો સિધો અમારી સાથે ચાલ નહીં, તો તને અમારી મોટરસાઈકલથી ઉડાવીને મારી નાંખીશુ તેવી ધમકીઓ આપી વિકાસભાઈનું અપહરણ કરી લઈ દાહોદ તાલુકાના મંડાવાવ ગામે જંગલ વિસ્તાર તરફ લઈ ગયાં હતાં જ્યાં વિકાસભાઈને બેફામ ગાળો બોલી, ગડદાપાટ્ટુનો માર મારી કહેવા લાગેલ કે, તું મારી ભાણી સાથે કેમ પ્રેમસંબંધ રાખે છે, તેમ કહી વિકાસભાઈને પકડી પાડી ખિસ્સામાંથી ઝેરી ટ્યુબ પીવડાવી મોંઢુ દબાવી દઈ મારી નાંખવાની કોશિષ કરતાં જેમ તેમ કરી વિકાસભાઈ ગંભીર હાલતમાં ઉપરોક્ત બંન્ને ઈસમોના ચંગુલમાંથી છુટી પોતાના પરિવારજનોને ઉપરોક્ત ઘટનાની જાણ કરતાં પરિવારજએ વિકાસભાઈને લઈ દાહોદ તાલુકા પોલીસ મથકે આવી પહોંચ્યાં હતાં અને જ્યાં વિકાસભાઈ બાબુભાઈ ભાભોરે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હેલ્થ ટીપ્સ

### શિયાળામાં દરરોજ રાત્રે ગરમ પાણી પીવાથી સ્વાસ્થ્યને થાય છે અનેક લાભો



ઘણીવાર તમે સાંભળ્યું હશે કે સવારે ઉઠીને ગરમ પાણી પીવું સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. આ માત્ર ચયાપચયને સુધારે છે, પરંતુ તે રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે. શું તમે જાણો છો કે રાત્રે સૂતા પહેલા ગરમ પાણી પીવું પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. આવી સ્થિતિમાં અમે તમને અહીં જણાવીશું કે રાત્રે પાણી પીવાથી સ્વાસ્થ્યને શું ફાયદા થાય છે.

પાચન સ્વસ્થ રહે છે- જો તમે રાત્રે સૂતા પહેલા ગરમ પાણીનું સેવન કરો છો તો તે પાચનતંત્રને મજબૂત બનાવે છે. બીજી તરફ, ગરમ પાણી માત્ર આંતરડા માટે જ ઉપયોગી નથી, પરંતુ તે પેટને લગતી સમસ્યાઓ જેમ કે કબજિયાત, ગેસ વગેરેને દૂર કરવામાં પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ સિવાય રાત્રે ગરમ પાણી પીવાથી ખોરાક ઝડપથી પચી જાય છે.

માનસિક સ્વાસ્થ્ય સારું રહે છે- જો તમે રોજ રાત્રે સૂતા પહેલા ગરમ પાણીનું સેવન કરો છો, તો આમ કરવાથી તમે ડિપ્રેશનની સમસ્યામાંથી પણ રાહત મેળવી શકો છો. સાથે જ ગરમ પાણી પીવાથી તમારો મૂડ પણ ફ્રેશ રહે છે.

સારી ઊંઘ – જો તમને ઊંઘની સમસ્યા છે અથવા ઊંઘની કમીથી પરેશાન છો તો તમને જણાવી દઈએ કે રાત્રે સૂતા પહેલા ગરમ પાણી પીવું આ સમસ્યાને દૂર કરવામાં ઉપયોગી છે. બીજી તરફ, ગરમ પાણી પીવાથી ડિપ્રેશન અને તણાવ બંનેથી દૂર રહી શકાય છે. આવી સ્થિતિમાં વ્યક્તિને સારી ઊંઘ પણ આવી શકે છે.

# દાહોદ શ્રીરામ ક્રેડીટ સોસાયટીની વ્યવસાય સમિતિની ચુંટણીમાં ૬ ઉમેદવાર વિજય થયા

દાહોદ,

દાહોદમાં ગતરોજ શ્રીરામ કો.ઓ.ક્રેડીટ સોસાયટીની વ્યવસ્થાકપ સિમિતિની ચુંટણી યોજાઈ હતી અને આજરોજ આ ચુંટણીનું પરિણામ જાહેર થવા પામ્યું હતું. જેમાં ૬ ઉમેદવારો વિજયી થયાં હતાં જ્યારે ૪ ઉમેદવારો પરાજીત થયાં હતાં. વિજયી થયેલ ઉમેદવારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને ફટાકડા ફોડી વિજયીની ઉજવણી કરાઈ હતી.

શ્રીરામ કો-ઓપરેટિવ સોસાયટી, દાહોદની વ્યવસ્થાપક સમિતિની ગતરોજ યોજાયેલ ચૂંટણીનું આજે જાહેર થયેલું પરિણામ જાહેર થતાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળ્યો હતો. વિજેતા ઉમેદવારોમાં દિનેશભાઈ કાબરાવાલાને ૩૦૩૩ મત મળ્યાં હતાં. ભરતસિંહ સોલંકીને ૨૯૦૪ મત મળ્યાં હતાં. રાકેશભાઈ પ્રજાપતિને ૨૦૭૮ ને મત મળ્યાં હતાં, વિનોદભાઈ પરમારને ૨૦૨૯ મત મળ્યાં હતાં. દામોદરદાસ દાસાણીને ૧૯૯૭ મત મળ્યાં હતાં અને કિરીટભાઈ મિસ્ત્રીને ૧૯૨૫ મળતાં તેઓનો ભવ્ય વિજય થયો હતો. વિજયી થયેલા ઉમેદવારો દ્વારા એકબીજાને શુભેચ્છા પાઠવી મોં મીઠુ કરાવી અને ફટાકડાં ફોડી જીતની ઉજવણી કરી હતી. જ્યારે આપણી પેનલના બ્રિજેશભાઈ દરજીને ૧૮૪૫,અરવિંદભાઈ પરીખને ૧૮૪૨,અલ્કેશભાઈ પરીખને ૧૭૧૬ અને શ્રીરામ કો.ઓપ. ક્રેડીટ સોસાયટીના માજી ચેરમેન અને જિલ્લા ભાજપના માજી પ્રમુખ મહારથી એવા મોતીસિંહ માળીને ૧૬૪૦ મત મળ્યાં હતાં.આમ, તેમને આજે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. શ્રીરામ કો.ઓપ. ક્રેડીટ સોસાયટીની બેન્કના આ પરિણામોથી મતદારો અને શહેરીજનોમાં અનેક પ્રકારના તર્ક વિતર્કો વહેતાં થવા પામ્યાં છે તથા તરેહ તરેહની ચર્ચાઓ જન્મ લીધો છે.

# ચૂંટણી પહેલા પીએમ-સીએમ વચ્ચે સંબંધો સરળ કેમ રહેતા જ નથી?

પશ્ચિમ બંગાળની ચૂંટણી સમયે એક મહત્વનો વિવાદ થયો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સીએમ મમતા બેનરજી વચ્ચે વહીવટી સુગમતા નથી, અને પરિણામ ભાજપ માટે નિરાશાજનક રહ્યા હતા. એટલે જ્યારે સીએમ યોગી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે વહીવટી સુગમતા ન હોવાની વાત આવી એ સમયમાં પીએમ મોદી એ સીએમ યોગીના ખભા ઉપર હાથ મુક્યો અને એ ફોટો વાયરલ કરવામાં આવ્યો, પણ ઉત્તર પ્રદેશમાં ચૂંટણી જાહેર થવાના ત્રણ મહિના અગાઉ પીએમ મોદી અને સીએમ યોગી વચ્ચે એક લાંબી મિટિંગ થઈ ત્યારે કોઈ ખાસ તસવીર વાઈરલ થઈ નહિ, કેમ કે તે વખતે ભાજપ અને પીએમ મોદીની ઈચ્છા એ હતી કે, યુપી મંત્રીમંડળના વિસ્તરણ સાથે કેટલાક પોતાના અને કહેવાતા યોગી વિરોધીઓને સમાવવાની વાત હતી. એ સમયની એ વાત આજે સાચી સાબિત થઈ રહી છે અને સીએમ યોગીએ મંત્રીમંડળમાં નવા કોઈને સમાવ્યા કે કાઢયા પણ નહીં. હવે આજે ભાજપ સાથે સરકારમાં રહેલ મંત્રીઓ અને ધારાસભ્યો યોગી સરકાર સાથે છેડો ફાડી તેમની સામે લડવા તૈયાર થઈ ગયા છે. અને કદાચ જો ચાર મહિના પહેલા મંત્રીમંડળમાં કેટલાક નેતાઓને સમાવીને તેમને સમજાવી લેવાયા હોત તો આ સ્થિતિ યુપીમાં ન પણ થઈ હોત.

આ સ્થિતિમાં કદાચ ભાજપના વોટશેરને ખાસ કોઈ ફરક પડતો ન હોય તેમ ન્યૂઝની તમામ ટીવી ચેનલો જણાવી રહી છે અને એબીપીના સાપ્તાહિક સર્વેમાં પણ ભાજપને મળનાર - કાલ્પનિક મતની ટકાવારીમાં કોઈ તફાવત નથી આવ્યો એ એકમાત્ર પુરાવો સાચો હોય તો સીએમ યોગી અયોધ્યા બેઠક પરથી ચૂંટણી લડશે એવી ખોટી વાત કયા કારણોસર ફેલાવવામાં આવી હતી. જે દિવસે ભાજપના યુપીના ઉમેદવારોના નામની જાહેરાત કરાઈ એ પહેલી યાદીમાં જ સીએમ યોગી ગોરખપુરથી ચૂંટણી લડશે તેમ જાહેર કરવામાં આવ્યું છે. આમ બીજા જ દિવસે ચોવીસ કલાકથી ઓછા સમયમાં જ આ ફેરફાર જાહેર થાય એ વાતમાં સીધુ નુકસાન વ્યકિતગત યોગીને જ થાય એ પ્રકારનો ખોટો પ્રચાર આજે તો તેમણે અટકાવી દીધો છે. એ ખોટા પ્રચારમાં એમ પણ કહેવાયું કે, યોગીના અયોધ્યાથી ચૂંટણી લડવાને કારણે સમગ્ર અવધ વિસ્તારની સોથી વધુ બેઠકોમાં ફાયદો થશે, પણ હવે યોગી ગોરખપુરથી ચૂંટણી લડવાના હોવાથી પુર્વાન્ચલની સોથી વધુ બેઠકો ઉપર ફાયદો થશે એમ કહેવાય છે. પણ રાજકીય સત્ય તો એ છે કે યોગી સીએમ પદ પર આજે પણ સલામત છે અને તેમના નેતૃત્વમાં વિધાનસભા ચૂંટણી લડવામાં આવી રહી છે એટલે એમના નામનો પ્રભાવ તો દરેક બેઠક પર જોવા મળવાનો જ છે. બહુમતી મળે તો હકારાત્મક અને ન મળે તો નકારાત્મક અસર કહેવાશે. તો પછી અવધ અને પુર્વાન્ચલ વિસ્તારમાં અલગ અલગ અસર શા માટે જાહેર કરવામાં આવી રહી છે!ઉત્તર પ્રદેશ સૌથી મોટુ રાજ્ય છે, સૌથી વધુ રાજકીય બેઠકો છે અને સૌથી વધુ વસ્તી સાથે દેશમાં તે પ્રદેશના લોકો ફેલાયેલા હોવાનો લાભ દરેક સત્તા પક્ષને હંમેશા થતો આવ્યો છે, એટલે જ હંમેશા ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીને લોકસભાની ચૂંટણી સાથે પણ જોડવામાં આવે છે. પરંતુ એ વાત ભુલવાડવામાં આવે છે કે, અગાઉ બસપા અને સમાજવાદી પાર્ટી પણ યુપીમાં સત્તામાં આવી એ સમયે તેમનું રાષ્ટ્રવ્યાપી વજૂદ ઉભુ થયું નથી. અને ભાજપએ લગભગ કોઈ જગ્યાએ વહેલી ચૂંટણી કરાવ્યાની વાત અમલમાં મૂકી નથી પણ જ્યારે કોઈ બીજા રાજ્યોમાં ભાજપ તરફી વાતાવરણ હોય ત્યારે અન્ય રાજ્યોમાં પણ વહેલી ચૂંટણી માટે રાજકીય ચર્ચા શરૂ કરવામાં આવે જ છે. કે જેથી કાર્યકરો એડવાન્સ તૈયારી શરૂ કરી દે અને દાવેદારો ટોચના નેતાઓ સાથે સંપર્ક વધારી દે એ ફાયદા સાથે દાવેદારો લોકસંપર્ક કરી લોકહિતના કાર્યો માટે સક્રિય થાય એનો સીધો ફાયદો અંતે પક્ષ ભાજપને જ થાય છે. આ સફળ રાજકીય વિચાર સાથે ગુજરાતમાં પણ વહેલી ચૂંટણી માટે વાતો વહેતી થઈ ગઈ છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : વેપારમાં સારો લાભ જણાશે,સંતાન વિષયક ચિંતા દૂર થશે ,વિવાદોવાળા કામમાં લાભ જણાશે,મૂડીરોકાણમાં ફાયદો જણાશે

વૃષભ (બ.વ.ઉ.) : કૌટુંબિક મતભેદ રહેવા સંભાવના ,ભાગીદારીવાળા કામમાં લાભ જણાશે ,પ્રભાવથી શત્રુ પરાસ્ત થશે,સંતાન પક્ષે ચિંતા દૂર થશે

મિથુન (ક.છ.ઘ.) : નવા પરિચયથી લાભ થાય,વાહન ચલાવવામાં કાળજી રાખો,માતૃપક્ષે આર્થિક મદદ મળશે,સંતાનથી સારા સમાચાર મળશે

કર્ક (ડ.હ.) : યાત્રા-પ્રવાસના યોગો જણાય ,વિવાદિત કાર્યોમાં વિજય થાય,નવા કામકાજમાં લેણું જણાય,ધર્મ શ્રદ્ધામાં વૃદ્ધિ થાય

સિંહ (મ.ટ.) : સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા જળવાય ,માનસિક શાંતિ અનુભવાય,મહેમાન સ્નેહીજનોની મુલાકાત થાય,વ્યાપાર બાબતે મધ્યમ જણાય

કન્યા (પ.ઠ.ણ.) : મનગમતા કાર્યોમાં રુચિ વધે,શત્રુઓ દ્વારા લાભ મળે,આર્થિક સમસ્યાઓ હળવી બને ,વિવાદિત કાર્યોમાં વિજય મળે

તુલા (ર.ત.) : ધંધામાં મહત્વના કાર્યો થાય,જીવનસાથી સાથે મતભેદ જણાશે,યાત્રા-પ્રવાસમાં વિઘ્નોની સંભાવના,મહત્વાકાંક્ષા પૂર્તિનો અવસર મળે

વૃશ્ચિક (ન.ય.) : મૂડીરોકાણમાં લાભની સંભાવના છે ,આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થાય,કૌટુંબિક કાર્યોના વિશેષ યોગ બને,યાત્રામાં તનાવની સંભાવના છે

ધન (ભ.ધ.ફ.ઢ.) : વાહન વ્યવહારથી સંભાળવુ ,નાના-મોટા રોકાણમાં સાવધાની રાખવી ,કામકાજમાં સામાન્ય વિઘ્નોની સંભાવના ,માતાના આશીર્વાદથી કામ સરળ બને

મકર (ખ.જ.) : સારા કાર્યોમાં સમય પસાર થાય,સામાજિક કાર્યોમાં પ્રવાસની સંભાવના ,રોગ-ઋણ-વિવાદથી બચવું,સંતાનોના કાર્યમાં સફળતા મળે

કુંભ (ગ.શ.ષ.સ.) : ખાન-પાનમાં સાવધાની રાખવી,વેપારમાં ભાગીદારીથી લાભ થાય,કર્મક્ષેત્રમાં પરિવર્તનના યોગ બને,સારા કામમાં યાત્રાના યોગ જણાય

મીન (દ.ચ.ઝ.થ.) : શિયાળામાં દરરોજ રાત્રે ગરમ પાણી પીવાથી સ્વાસ્થ્યને થાય છે અનેક લાભો

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીનો તૃત્તીય પદવીદાન અને સુવર્ણ ચંદ્રક એનાયત સમારોહ બુધવારના રોજ યોજાશે

ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા તા.૧૯/૦૧/૨૦૨૨ – બુધવાર ના રોજ આ યુનિવર્સિટીનો તૃતીય પદવીદાન અને સુવર્ણચંદ્રક એનાયત સમારોહ આયોજિત કરવામાં આવેલ છે. જેમાં આનંદીબેન પટેલ, માન. રાજયપાલ, ઉત્તરપ્રદેશ, અદયક્ષ અને ઉદ્દઘાટક તરીકે તથા ભુપેન્દ્રભાઈ પટેલ, માન. મુખ્યમંત્રી, ગુજરાત, મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવાની સહમતિ આપેલ છે. સાથે ગુજરાતના શિક્ષણ માટે જેઓ સતત ચિંતનશીલ અને પ્રયત્નશીલ છે. એવા જીતુભાઈ વાઘાણી, શિક્ષણમંત્રી, ગુજરાત, મુખ્ય અતિથી તરીકે તથા ડો. કુબેરભાઈ ડીંડોર, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ (રાજ્ય કક્ષા), અતિથી વિશેષ રૂપે ઉપસ્થિત રહેવાના છે.

આ સમારોહમાં આમંત્રિત સંસદ સભ્યઓ, ધારાસભ્યઓ, મહેમાનો, વિદ્યાર્થીઓ સહિત યુનિવર્સિટીના કુલપતિ, કુલસચિવ અને સમગ્ર સ્ટાફ RTPCR ટેસ્ટ કરાવ્યા બાદ જ આ સમારોહમાં ઉપસ્થિત રહેનાર હોય એવી સમગ્ર દેશમાં આ પ્રથમ ઘટના છે.

યુનિવર્સિટી દ્વારા સમગ્ર સમારોહના આયોજનના સંદર્ભમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ કોવીડ પ્રોટોકોલનું અને SOP નું ચુસ્તપણે પાલન થાય તેની તકેદારી રાખી છે. તમામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત વિદ્યાર્થીઓએ, આમંત્રિત મહેમાનો, કુલપતિ અને કુલસચિવ સહિત યુનિવર્સિટી સ્ટાફે વેક્સીનેશન કરાવેલ છે તેની ખાત્રી કરેલ છે.

તમામ માટે યુનિવર્સિટી ખાતે તા.૧૭/૦૧/૨૦૨૨ તથા તા.૧૮/૦૧/૨૦૨૨ ના રોજ RTPCR ટેસ્ટની વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત આ સમારોહમાં કોઈપણ વ્યક્તિ RTPCR ટેસ્ટના રીપોર્ટ વગર પ્રવેશપાત્ર બનશે નહીં તેવી આગોતરા સર્વેને જાણ કરેલ છે. તેમજ જો કોઈ વ્યક્તિમાં સમારોહના દિવસે કોવીડની સંભાવના લક્ષણો જણાય તો તે માટે સમારોહ સ્થળે જ રેપીડ ટેસ્ટની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આમ કોવીડ સંક્રમણની હાલની પરીસ્થિતમાં સર્વની સલામતી અને તકેદારી ભાગરૂપ યુનિવર્સિટીએ આગોતરૂં આયોજન કરેલ છે.સમગ્ર દેશમાં કોવીડ ગાઈડલાઈન્સ અને પ્રોટોકોલ સાથે હવે કાર્ય કરવું અનિવાર્ય થઈ ગયું છે. ત્યારે આનંદની વાત એ છે કે, સમગ્ર દેશમાં કોવીડ ગાઈડલાઈન્સ અને પ્રોટોકોલ અનુસાર આયોજિત થનાર આ પ્રકારનો આ પ્રથમ સમારોહ હશે. અને આ પ્રકારનું આયોજન કરનાર આ પ્રથમ યુનિવર્સિટી હશે. આમ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી કોરોનાના સમયમાં આ પ્રકારની અનોખી વ્યવસ્થા અને આયોજન કરીને થંભી જવાના બદલે આગળ વધી રહી છે.

હાલમાં આ યુનિવર્સિટી સાથે મધ્ય ગુજરાતના પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા અને છોટાઉદેપુર એવા પાચ જીલ્લાની કુલ ૨૧૫ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ કાર્યરત છે. આમ યુનિવર્સિટીનો ૮૦% વિસ્તાર ટ્રાઈબલ છે. જયારે ૨૦% વિસ્તાર સેમી અર્બન છે. જેના કુલ અંદાજીત ૧,૫૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તેમજ ૧૬૦૦ થી વધુ અધ્યાપકો આ યુનિવર્સિટી સાથે જોડાયેલા છે.આ યુનિવર્સિટીએ ગુજરાતની એકમાત્ર યુનિવર્સિટી છે. જે છેલ્લા ત્રણ વર્ષથી સતત પરીક્ષા પૂર્ણ થયાના એવરેજ ૧૫ દિવસની સમય-મર્યાદામાં તેમજ છે. પરીક્ષાના દિવસે સાંજે પરિણામો જાહેર કરીને એક રોમાંકેબલ લેન્ડમાર્ક સ્થાપિત કરેલ છે.

આ યુનિવર્સિટીએ પોતાના પાંચ વર્ષ પૂર્ણ કરી છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરેલ છે. આમ, ખુબજ ટૂંકાગાળામાં સંપૂર્ણ યુનિવર્સિટી તરીકે ગુજરાતમાં સફળતાપૂર્વક આગળ વધી રહી છે. જેમાં ૧૪૨ એકરનું કેમ્પસ, ડેકોરેટીવ પ્રોટેક્શનવોલ, એડમીન બિલ્ડીંગ, એકેડેમિક બિલ્ડીંગ, કેન્ટીન, ઓડીટોરીયમ સાથે આજે સેન્ટર ઓફ એકસલન્સનું ભૂમિપૂજન અને ગોવિંદ ગુરૂની પ્રતિમાનું લોકાર્પણ કરી રહ્યા છીએ.

પેપરલેસ અને ઝીરોવર્ક ઝીરો ફાઈલ પેન્ડીંગ કોન્સેપ્ટના અમલીકરણ અર્થે સમગ્ર રાજ્યમાં ERP વેઈઝ ફાઈલ મુવમેન્ટ અને ઓફીસનોટ સિસ્ટમ અનુસરનારી આ સમગ્ર રાજયની એકમાત્ર યુનિવર્સિટી છે. જે કારણે યુનિવર્સિટીની વહીવટી પ્રક્રિયા ખુબજ ઝડપી અને ચોક્કસ બની શકી છે. આ સમારોહમાં પદવી મેળવનાર ૨૮,૫૬૪ વિદ્યાર્થીઓ, સલગ્ન ૨૧૫ કોલેજના અંદાજીત ૨૨,૦૦૦ વિદ્યાર્થીઓ તથા ૧૦૦૦ જેટલા અદ્યાપકો ઓનલાઈન માધ્યમથી હાજર છે. જયારે સુવર્ણચંદ્રક મેળવનાર ૧૧૨ વિદ્યાર્થીઓ રૂબરૂમાં ઉપસ્થિત રહેનાર છે.

# વેજલપુર ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચની ચૂંટણી લોખંડી પોલીસ બંદોબસ્ત વચ્ચે પૂર્ણ



વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયતની ચૂંટણી બાદ અનેક લોકોની બાજ નજર ડેપ્યુટી સરપંચ ઉપર હતી. જેથી વેજલપુર ગ્રામ પંચાયતના ૧૪ વોર્ડ હોવાથી ૧૪ સભ્યો ચૂંટાયા હતા. જેમાં બન્ને પેનલના સાત-સાત સભ્યો ચૂંટાયા હતા. જેમાં બન્ને પેનલના એક-એક ઉમેદવારએ ફોર્મ ભરીને ડેપ્યુટી સરપંચની ઉમેદવારી નોંધાવી હતી. જેને લઈ આજરોજ વેજલપુર ગ્રામ પંચાયતમાં નાયબ મામલતદાર એમ.એસ.ગોહિલ અને વેજલપુર પોલીસની લોખંડી બંદોબસ્ત સાથે ડેપ્યુટી સરપંચની પ્રક્રિયા યોજવામાં આવી હતી. જેમાં બન્ને પેનલના સાત-સાત સભ્યો ચૂંટાયેલા સભ્યોએ પોત પોતાના પેનલના ઉમેદવારને મત આપ્યો હતો. જેથી રસાકસી જેવો માહોલ સર્જાયો હતો અને ચૂંટાયેલા સભ્યોમાં અનોખો ઉત્સાહ પણ જોવા મળ્યો હતો. જેથી બંન્ને પેનલના ઉમેદવારને સાત સાત મત મળ્યા હતા અને આ રસાકસીના માહોલ વચ્ચે ફરજ પરના અધિકારી એમ.એસ.ગોહિલ નાયબ મામલતદાર દ્વારા સરપંચને મત આપવાનું જણાવ્યું હતું. જેના લીધે સરપંચે પોતાનો મત પોતાની પેનલના ઉમેદવાર ડેપ્યુટી સરપંચ પદના ઉમેદવાર મોનાલીબેન અર્પિત કુમાર શેઠને મત આપતા ડેપ્યુટી સરપંચના દાવેદાર મોનાલીબેન ને આઠ મત મળ્યા હતા. જેથી મોનાલીબેનનો ડેપ્યુટી સરપંચ પદના ઉમેદવારનો વિજય થયો હતો અને સામે પક્ષના ઉમેદવારને સાત મત મળ્યા હતા. જેથી વેજલપુર ગ્રામ પંચાયતની બહાર ફૂલ હાર અને ફૂલના ગુલદસ્તા આપી ફટાકડા ફોડી બન્ને ઉમેદવારનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ડેપ્યુટી સરપંચની ચૂંટણી પહેલા ગ્રામ પંચાયતની બહાર લોકોના ટોળે ટોળા જોવા મળ્યા હતા. જેથી લોકોમાં અનોખો માહોલ જોવા મળ્યો હતો. જેને લઈ ગ્રામ પંચાયત આગળ અનેક લોકો એ રાહ જોઈ રહયા હતા કે કોણ ડેપ્યુટી સરપંચ બનશે. જેની અનેક લોકોમાં ચર્ચાઓ ચાલી રહી હતી કે વેજલપુર ગ્રામ પંચાયતની અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની સીટ ઉપર સુગરીબેન બુધાભાઈ નાયકનો વિજય થયો હતો અને આજ રોજ ડેપ્યુટી સરપંચ પદ ઉપર મોનાલીબેન અર્પિત કુમાર શેઠનો વિજય થયો છે. ત્યારે લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે સરપંચ અને ડેપ્યુટી સરપંચ બન્ને સ્ત્રી છે. ત્યારે વેજલપુર ગ્રામ પંચાયતની કમાન કોણ સંભાળશે તે હવે જોવાનું રહયું.

# વરણામાં પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી જમીન કૌભાંડમાં ફસાયેલ કાલોલનો પત્રકાર કોના ખોળે

કાલોલ,

વરણામાં પોલીસ સ્ટેશનની હદમાં આવતી સર્વે બ્લોક નંબર ૮૦૪ (અ) જેનું ક્ષેત્રફળ ૧-૩૩-૫૫ વાળી જમીનના ખોટા પેઢીનામું બનાવી જમીન હડપ કરી વેચી દેનાર આરોપી પારૂલ પોલીસને હવાલે છે. પરંતુ તેનો બનેવી અને કાલોલ નો કહેવાતો પત્રકાર વીરેન્દ્ર મહેતા તેમજ અન્ય લોકો જે તે સમયે પેઢીનામા સહયોગ આપી પારૂલને સીધી લીટીના વારસદાર હોવાનું સોગંદનામુ કરી પેઢીનામું બનાવી જમીન કૌભાંડ કરનારા ભેજાબાજ પત્રકારની વરણામા પોલીસ સ્ટેશનમાં ૩/૧/૨૦૨૨ ના નોંધાયેલી ફરિયાદ આધારે ફરાર થઈ સંતાઈ ગયો હોવાનું લોકવાયકા દ્વારા જાણવા મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, સરકારના લેંડ ગ્રેબિનના કડક કાયદા સામે હજુ પણ વડોદરા જિલ્લા પોલીસ તેમજ વરણામા પોલીસ જમીન કૌભાંડી તેમજ હાલ કહેવાતો પત્રકાર કોના ખોળે બેસી પોલીસની પકડથી બહાર છે ? કે પછી કહેવાતા પત્રકાર ની કઈ સાંઠગાઠને લઈ પોલીસ હજુ સુધી તેને પકડી શકી નથી ? કે પછી કાલોલમાં ચર્ચાતી લોકવાયકા કે વરણામા ની જમીન કૌભાંડમાં ખોટા પેઢીનામા કરનાર વીરેન્દ્ર મહેતા જમીન કૌભાંડમાં ફસાયા બાદ વરણામા પોલીસે તેના જવાબ માટે તપાસ કરનાર પોલીસ સામે વડોદરા પોલીસ અધિક્ષકને લેખિત અરજી કરી હોવાના કારણે પોલીસ તેને છાવરી રહી છે ? શું પોલીસ પાસે જમીન કૌભાંડી આરોપીઓને અટકાયત માટે અન્ય કોઈ કાયદાની જોગવાઈઓ છે કે કેમ ? કે પછી જમીન કૌભાંડમાં જાણતો હોવા છતાં તૈયાર કરેલ ખોટા પેઢીનામાં સહી કરી પોતાની સાડી ને સાથ આપનાર કાલોલ નો કહેવાતો પત્રકાર તેના ગોડફાધર ઓના શરણે જઈ આગોતરા જામીન મેળવી લે તેની રાહ જોવાઈ રહી છે ? વરણામા પોલીસ સ્ટેશનની પોલીસ શું અન્ય તપાસ પણ કરશે ખરી ? લોકવાયકાઓ દ્વારા મળતી જાણકારીઓમાં સાળી બનેવીએ ખોટા પેઢીનામાં તૈયાર કરી પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના કંજરી ગામમાં જે તે સમયે રહેતા જગદીશચંદ્ર ઉપાધ્યા નું મકાન પણ ખોટા પેઢીનામાં આધારે હડપ કરી વેચાણ કર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. શું વરણામા પોલીસ ચોક્કસ પણે તેની તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરશે કે કેમ ? તેમજ તે અગાઉ પણ અન્ય કોઈ ગુણો સાથે અન્ય કોઈ પોલીસ સ્ટેશનમાં સંકળાયેલો છે કે નહીં તેની કડીઓ પણ બહાર લાવશે કે કેમ ? તે હવે જોવું રહ્યું. જોકે હાલ વરણામા પોલીસ માં ૦૩/૦૧/૨૦૨૨ ના રોજ નોંધાયેલી ફરિયાદમાં જમીન કૌભાંડમાં કુલ ૬ વ્યક્તિઓના આરોપીઓ તરીકે નામ ખૂલતાં માત્ર પારૂલ પોલીસના હવાલે હોવાનું જાણવા મળી રહ્યું છે. પારૂલ નો બનેવી વિરેન્દ્ર મહેતા અને કાલોલનો કહેવાતો પત્રકાર હાલ આગોતરા જામીન માટે રઘવાયો થઈ કોના ખોળે છે ? શું તેનાથી પોલીસ અંજાણ છે કે પછી બચાવાઈ રહ્યો છે.

# ગોધરા અંકલેશ્વર મહાદેવ રોડ ઉપર કેબલ નાખવાની કામગીરી દરમિયાન પાણીની પાઈપ લાઈન લીકેજ થતાં પાંચ સોસાયટીને બે દિવસ પાણી નહીં મળે



ગોધરા,

ગોધરા શહેર અંક્લેશ્વર મહાદેવ રોડ ઉપર અંડર ગ્રાઉન્ડ કેબલની કામગીરી કરી રહેલ કંપનીની બેદરકારીને લઈને પાણીની પાઈપ લાઈન લીકેજ થતાં પાણીનો વેડફાટ થયો ભરશિયાળે પાંચ થી વધુ સોસાયટીના રહીશો પીવાનું પાણી નહીં મળી શકે.

ગોધરા અંકલેશ્વર મહાદેવ રોડ ઉપર ખાનગી કંપની દ્વારા અંડર લાઈન કેબલ નાખવાની કામગીરી કરવામાં આવી રહી હતી. કેબલ નાખવા માટે ખોદકામ દરમિયાન ખાનગી કંપનીની બેદરકારી રાખવામાં આવતાં અંકલેશ્વર મહાદેવ રોડ ઉપરની ચાર થી પાંચ સોસાયટીઓને પીવાનું પાણી પુરી પાડતી પાઈપ લાઈન લીકેજ થતાં અંકલેશ્વર મહાદેવ રોડ ઉપર પાણીનો વેડફાટ જોવા મળ્યો અને ભરશિયાળે ચોમાસા જેવી સ્થિતી ઉદ્દભવી છે. અંકલેશ્વર મહાદેવ રોડ ઉપર એક સપ્તાહમાં ત્રીજી વખત પાઈપ લાઈન લીકેજની ઘટના બની છે. ખાનગી કંપનીના કેબલ નાખવાની કામગીરીને લઈને પાણીની પાઈપ લાઈન લીકેજ થવાથી હાલ પાણીનો વેડફાટ થઈ રહ્યો છે અને આ વિસ્તારની ચાર થી પાંચ સોસાયટીના રહીશોને બે દિવસ સુધી પીવાનું પાણી મળી શકશે નહીં. ભરશિયાળે અંકલેશ્વર મહાદેવ રોડ ઉપર ખાનગી કંપનીના કેબલ નાખવાની કામગીરીમાં બેદરકારી ભરી કામગીરીને લઈને પીવાના પાણીની મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે.

# પંચમહાલ જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમિટી (દિશા)ની બેઠક યોજાઇ

ગોધરા,

પંચમહાલ જિલ્લા સેવા સદન-૧ ગોધરા ખાતે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડની અદયક્ષતા જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમિટી (દિશા)ની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સાંસદ રાઠોડે જિલ્લામાં ચાલી રહેલી યોજનાઓની કામગીરી ઝડપભેર થવી જોઈએ અને સમયમર્યાદામાં યોજનાઓના લક્ષ્યાંક પૂરા થવા જોઈએ. તેમ જણાવી તેમણે આવાસ, સિંચાઇ, કૃષિ, અંતર્ગત થઇ રહેલી કામગીરી, આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં યોજનાઓની પ્રગતિ અને લક્ષ્યાંક સિદ્ધિ બાબત ચર્ચા-સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરીની યોજનાઓ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામ્ય) મનરેગા, એન.આર.એલ.એમ, ડીડીયુ – જીકેવાય, પ્રધાન મંત્રી કૌશલ વિકાસ યોજનાની સમીક્ષા ( PMKVY ), પ્રધાનમંત્રી જન ધન યોજના, જિલ્લાની નગર પાલીકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (અર્બન) સ્વચ્છ ભારત મિશન (અર્બન)ની સમીક્ષા તેમજ ડિઝીટલ ઈન્ડિયા પ્રોગામ, ૧૪મું નાણાપંચ કામો, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, મધ્યાહન ભોજન યોજના, સંકલિત જળસ્ત્રાવ વિકાસ એકમ, પાણી પુરવઠા (બાંધકામ) નેશનલ રૂરલ ડ્રીંકીંગ વોટર સપ્લાય કાર્યક્રમ, ડીઝીટલ ઈન્ડીયા લેન્ડ રેકર્ડસ આધુનિકીકરણ કાર્યક્રમ, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, (PMGSY) સંકલિત બાળ વિકાસ યોજના, સર્વ શિક્ષાઅભિયાન, જિલ્લા ખેતીવાડી યોજનાઓ, દિનદયાળ ઉપાદ્યાય ગ્રામ્ય જ્યોતિ યોજના (DDUGJY) સામાજિક વનીકરણ, જિલ્લા રોજગાર કચેરી, ખાણ ખનિજ વિભાગ, પ્રાયોજના વહીવટદાર કચેરીની યોજનાઓની કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં વિકાસના કામો ગુણવત્તાયુક્ત થાય તે જોવા પર ભાર મુકી તમામ કામો ઝડપી અને સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા સુચવ્યું હતું.

દિશા કમીટીની આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી, ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી,જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહરાઠોડ,અધિક નિવાસી કલેકટરએમ.ડી. ચુડાસમા, નગરપાલીકા પ્રમુખઓ, તાલુકા પંચાયત પ્રમુખઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તબીયાર સહિત જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૩૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ઉત્તરાયણનો તહેવાર પુરો થતાં કોરોના કેસમાં પુનઃ ઉછાળો જોવા મળી રહ્યો છે. આજરોજ જીલ્લામાં ૩૧ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જયારે ૨૫ કોરોના દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં એકટીવ દર્દીની સંખ્યા ૧૬૫ છે. જીલ્લામાં આજરોજ કોરોના પોઝીટીવ કેસમાં વધારો થતાં જીલ્લા આરોગ્ય વિભાગ સર્તક બન્યું છે.

પંચમહાલ જીલ્લામાં ઉત્તરાયણના પર્વમાં બજારોમાં કોરોના ગાઈડ લાઈનના પાલન વગર ભીડ જોવા મળી હતી. સાથે ધાબાઓ ઉપર સોશ્યલ ડીસ્ટન્સ અને માસ્કના ઉપયોગ વગર ઉત્તરાયણનો તહેવાર ઉજવવામાં લોકો મસ્ત બન્યા હતા. ત્યારે પંચમહાલ જીલ્લામાં ઉત્તરાયણ પર્વ પુરો થતાં આજરોજ જીલ્લામાં ૩૧ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. તેમાં ગોધરા-૧૯, હાલોલ-૦૩ જયારે ગ્રામ્ય વિસ્તારોમાં ગોધરા-૦૬, કાલોલ-૦૨, ઘોઘંબા-૦૧ પોઝીટીવ કેસ આવ્યા છે. તેની સામે કોરોના રીકવરી રેટ પણ સારો નોંધાઈ રહ્યો છે. આજરોજ ૨૫ કોરોના દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં વધતા જતાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા જોતા જીલ્લા આરોગ્ય વિભાગ વધુ સર્તક બન્યું છે. લોકોને માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સનું પાલન કરવા તેમજ કોરોના સંક્રમણના લક્ષણો દેખાતા ટેસ્ટીંગ કરાવી લેવા માટે સુચન કરવામાં આવી રહ્યું છે. તેમજ આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાથી સુરક્ષીત રહેવા કોરોના વેકસીનના ડોઝ લેવા માટે લોકોને અપીલ કરી છે. પંચમહાલ જીલ્લામાં ૧૮ વર્ષ ઉપરની વયના ૫૩૭૭ લોકોએ વેકસીનનો પહેલો અને બીજો ડોઝ લીધો છે. આમ, લોકો પણ કોરોના સંક્રમણ થી બચવા માટે જાગૃતા દાખવે અને કોરોના ગાઈડ લાઈનનું પાલન કરે તેવી અપીલ કરી છે.

# કણબી પાલ્લીમાં ગટરો ઉભરાતા ગંદુપાણી રોડ ઉપર આવ્યુ રોગચાળાની દહેશત



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કણબી પાલ્લી ખાતે આવેલ પ્રાથમિક શાળા અને દૂધ ડેરી સામે ગટરના ગંદા પાણી ભરાતા આજુબાજુના રહીશોને ભારે હાલાકીનો સામનો કરવોપડી રહ્યો છે. અંદાજે ૨૦ ગામોના લોકો ઘોઘંબા આવવા માટે આ રસ્તાનો ઉપયોગ કરે છે. છાશવારે ઉભરાતી ગટરની દુર્ગંધ મારતા પાણીથી રોગચાળો ફેલાવાનો ભય નગરજનોને સતાવી રહ્યો છે. વારંવારની રજૂઆતો છતાં કોઈ પરિણામ ન આવતા ગ્રામજનો દ્વારા આજરોજ ઘોઘંબા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં કોંગ્રેસના સંજયભાઈ સોલંકી ધર્મેશભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા માટે ટીડીઓને રજૂઆત કરી હતી.

# શહેરાના કવાલી ગામેથી ૨૬ હજારનો દારૂનો જથ્થો ઝડપી પાડયો

શહેરા,

શહેરા તાલુકાના કવાલી ગામે રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૨૬,૮૨૦/-રૂપીયાનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના કવાલી ગામે રહેતા રમેશભાઈ જેસીંગભાઈ બારીયા પોતાના રહેણાંક મકાનમાં ખુણામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે શહેરા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરીમયાન ઈંગ્લીશ દારૂ, બીયર, પ્લાસ્ટીક કવાટરીયા નંગ-૨૬૦ કિંમત ૨૬,૮૨૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસની રેઈડ દરમિયાન સ્થળ ઉપર મળી નહી આવતાં આ બાબતે શહેરા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોધાવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.124